**PHONES**

PATAN : 220228,230068,224468

M.NO : 9428518890,9624630068/66

MAIL ID : dptco123@gmail.com

Website : dpthakker.com

ESTD DPT 1956

# D.P.THAKKER & CO.

# D.P.THAKKER&BROS.

TAX CONSULTANTS

"SHREE KUNJ" STATION ROAD

PATAN (N.G.) 384265

તા. ૦૧/૦૫/૨૦૧૮

ભાઈશ્રી,

ઇન્કમટેક્ષ કાયદામાં થયેલા સુધારા પ્રમાણે જેમણે નાણાકીય વર્ષ - ૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં નીચે જણાવેલી બધી આવક ભેગી થઈને રૂ. ૨,૫૦,૦૦૦/- (સીનીયર સીટીઝન ને રૂ. ૩,૦૦,૦૦૦/- તથા સુપર સીનીયર સીટીઝન ને રૂ. ૫,૦૦,૦૦૦/-) થી વધારે હોય તેમણે તા. ૩૧/૦૭/૨૦૧૮ સુધીમાં ઇન્કમટેક્ષ ના રીટર્ન ભરવા ફરજીયાત છે.

(૧) (૧) પગારની આવક હોય (૨) વ્યાજ ની આવક હોય (૩) મકાન ભાડા ની આવક હોય (૪) વીમા કમિશનની આવક હોય (૫) શોર્ટ કે લોન્ગ ટર્મ કેપિટલ ગેઇન હોય (૬) મ્યુચ્યુઅલ ફંડ નો વેંચાણ નો નફો હોય (૭) P.P.F. નું વ્યાજ કે ખેતી ની આવક હોય.

(૨) વેપારી ધંધો કરતા હોય અને વકરા ના ૬% કે ૮% પ્રમાણે અંદાજીત નફો દેખાડવો હોય અને ઓડીટ ના કરાવવું હોય તો ૨ કરોડ સુધી નું ટર્ન ઓવર હોય તેમણે

(૩) વ્યવસાય કરતા હોય એટલે કે ડોક્ટર,વકીલ વિગેરેની વ્યવસાય ની રીસીપ્ટ રૂ.૫૦ લાખ સુધી હોય તો અને ઓડીટ ના કરાવવું હોય પણ આવી રીસીપ્ટ ના ૫૦% આવક બતાવી ટેક્ષ ભરવો હોય તેમણે.

(૪) ઉપર કોલમ (૨) અને (૩) માં લખ્યા પ્રમાણે જેમને અંદાજીત આવક ઉપર રીટર્ન ભરવું હોય તેમને ઘસારો જુદો બાદ મળે નહિ તથા જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારો નું વ્યાજ અને ભાગીદારોની પગાર ની રકમ બાદ મળે નહિ.

(૫) એટલે ભાગીદારી પેઢી ના કેસ માં કલમ ૪૪ AD હેઠળ ઓડીટ કરાવી ને જ રીટર્ન ભરવું સલાહભર્યું છે.

(૬) જે વેપારીઓ એ કે પ્રોફેસનલ વ્યક્તિઓએ ગયા વર્ષે કલમ ૪૪ AD હેઠળ ઓડીટ કરાવી ને રીટર્ન ભરેલા છે તેમણે પાંચ વર્ષ સુધી કલમ ૪૪ AD હેઠળ ઓડીટ કરાવી ને તા. ૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં રીટર્ન ભરવા પડે.

(૭) ઓડીટ ના કરાવતા હોય તેવી ભાગીદારી પેઢી ના ભાગીદારો અને ઓડીટ કરાવતી હોય તેવી પેઢી ના વર્કિંગ પાર્ટનર સિવાય ના ભાગીદારો.

(૮) વર્કિંગ પાર્ટનર ની વ્યાખ્યા ઇન્કમટેક્ષ કાયદામાં નીચે પ્રમાણે છે.
" વ્યક્તિ કે જે ભાગીદારી પેઢીનો ધંધો ચલાવવા માં સક્રિય રીતે સંકળાયેલા હોય તે વર્કિંગ પાર્ટનર ગણાય. " કોઈ વ્યક્તિ ધંધામાં વર્કિંગ પાર્ટનર છે કે નહિ તેનો ભાગીદારી દસ્તાવેજમાં ઉલ્લેખ કરવો હિતાવહ છે.

(૯) નુકશાન નું રીટર્ન ભરવાનું હોય(નોન ઓડીટેડ પેઢીમાં)

(૧૦) ઉપર જણાવેલ વિગતે જો તા. ૩૧/૦૭/૨૦૧૮ સુધી રીટર્ન ભરવું ફરજીયાત હોય અને ભરવામાં ન આવે તો નીચે પ્રમાણે લેટ ફી ભર્યા પછી જ રીટર્ન ભરી શકાશે.

(૧) તા. ૦૧/૦૮/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮ સુધી માં રીટર્ન ભરવામાં આવે તો રૂ. ૫૦૦૦/-

(૨) તા. ૦૧/૦૧/૨૦૧૯ થી ૩૧/૩/૨૦૧૯ સુધી માં રીટર્ન ભરવામાં આવે તો રૂ. ૧૦૦૦૦/-

(૩) પરંતુ જો રીટર્ન પ્રમાણે આવક રૂ. ૫ લાખ કરતા ઓછી હોય તો લેટ ફી રૂ. ૧૦૦૦/-લાગે.

(૧૧) ઉપર જણાવેલી વિગતે ઇન્કમટેક્ષ રીટર્ન તા. ૩૧/૦૭/૨૦૧૮ સુધી ભરવા જરૂરી છે.તે સિવાયના કેસોમાં રીટર્ન તા. ૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં ભરવાના છે.જેમાં મુખ્યત્વે નીચેના વેપારીઓનો સમાવેશ થાય છે.

(૧) કંપની (૨) કલમ ૪૪AB હેઠળ ઓડીટ કરાવતી એટલે કે રૂ. 1 કરોડ થી વધારે ટર્ન ઓવર હોય તેવી ભાગીદારી કે માલિકી પેઢીઓ (૩) ધર્માદા TRUST (૪) કો. ઓ. સોસાયટી (૫) કલમ ૪૪ AD હેઠળ ઓડીટ કરાવતી પેઢીઓ વિગેરે.

(૧૨) ઇન્કમટેક્ષ રીટર્ન તૈયાર કરવા માટે આ સાથે મોકલેલ લીસ્ટ પ્રમાણેની વિગતો તૈયાર કરીને તુરતજ મોકલશો.

કુશળ હશો.

લી.

કનુભાઇ - પિયુષભાઈ - નિખિલભાઈ.

**PHONES**

**PATAN : 220228,230068,224468**

**M.NO : 9428518890,9624630068/66**

**MAIL ID : dptco123@gmail.com**
**Website : dpthakker.com**

ESTD DPT 1956

# D.P.THAKKER & CO.
# D.P.THAKKER&BROS.

**TAX CONSULTANTS**
**"SHREE KUNJ" STATION ROAD**
**PATAN (N.G.) 384265**

---

## ઇન્કમટેક્ષ રીટર્ન ભરવા માટે નીચે પ્રમાણે વિગતો મોકલવી.

(૧) GST નંબર હોય તો જણાવવો અને ચોપડા મુજબનું કુલ ટર્નઓવર કે ગ્રોસ રીસીપ્ટ ની વિગત આપવી.

(૨) જે બેન્કોમાં ખાતા હોય તે બધા ખાતાની પૂરી વિગત IFSC નંબર સાથે.

(3) નફા નુકશાન ખાતું.

(૪) માલ વેપાર ખાતા વજનમેળ કે નંગમેળ સાથે.

(૫) નફા નુકશાન ખાતે જે આવક જમા કરી હોય તે ખાતા.

(૬) નફા નુકશાન ખાતે જે ખર્ચ ઉધાર કરેલા હોય તે ખાતાના ઉતારા-વ્યાજ ખાતું,ખર્ચ ખરાજાત ખાતું, પગાર, ભાડું, ઓફીસ ખર્ચ ખાતાં વિગતવાર.

(૭) વ્યાજ ચૂકવેલ હોય તેમાંથીTDS કરી હોય તો વ્યાજ કપાત ખાતું તથા TDS ચલણ ની નકલ.

(૮) વ્યાજ મળેલ હોય તેમાં TDS થઇ હોય તો તે ખાતું અને TDS ના આવેલા FORM 16 A.

(૯) વ્યાજ સિવાય બીજા કોઈ ખર્ચ ખાતામાં TDS કરી હોય તો તેની વિગત અને TDS ના ચલણ ની નકલ.

(૧૦) પગારની આવક હોય તો પગારનું સર્ટીફીકેટ FORM 16 સાથે.

(૧૧) ઇન્કમટેક્ષ ખાતું - એડવાન્સટેક્ષ ખાતું – અન્ય TDS ના ખાતાં હોય તો તે

(૧૨) ઘસારો નાંખેલ હોય તો ઘસારા ખાતું અને જે મિલ્કતનો ઘસારો નાખેલ હોય તે ખાતા વિગતવાર. જો અગાઉ ઘસારો નાખેલ હોય તેવી મિલકતનું વેચાણ કરેલ હોય તો તે મિલકતનું ખાતું.

(૧૩) મકાન ભાડાની આવક હોય તો નીચે પ્રમાણે વિગત આપવી:-

(૧) મિલકતનો પ્રકાર(૨) સરનામું (3) મ્યુનિસિપલ ટેક્ષની પાવતી (૪) ભાડુઆતનું નામ,સરનામું,PAN (૫) ભાડા ની રકમ (૬) મ્યુનિસિપલ ટેક્ષ ભરનારનું નામ.

(૧૪) માલિક કે ભાગીદારોના મૂડી ખાતા(જો તેમના LIP કે PPF ખાતા અલગ હોય તો તે ખાતા).

(૧૫) હાઉસીંગ લોન કે કાર લોન નું વ્યાજ ભરેલ હોય તો તેનું બેન્કનું સર્ટીફીકેટ

(૧૬) કોઈ સ્થાવર મિલકત જેવી કે મકાન કે જમીન કે પ્લોટ નું વેચાણ કર્યું હોય તો આ મિલકત ખરીદ કરી હોય તે વર્ષથી વેચાણ ના વર્ષ સુધીનો ખાતા નો ઉતારો તથા ખરીદ-વેચાણ ના દસ્તાવેજ ની કોપી આપવી.

(૧૭) શેરોનું વેચાણ કરેલ હોય તો નીચેની વિગત મોકલવી :-

(૧)કંપનીનું નામ,વેચેલ શેરની સંખ્યા-ખરીદ તારીખ-ખરીદ કિંમત-વેચાણ તારીખ-વેચાણ શેરની સંખ્યા- વેચાણ કિંમત-નફો-નુકશાન

(૧૮) મ્યુચ્યુઅલ ફંડનું વેચાણ કરેલ હોય તો તેનું પણ ઉપર પ્રમાણે ની વિગતવાળું સ્ટેટમેન્ટ આપવું.

(૧૯) નીચેના ડોક્યુંમેન્ટ ની ઝેરોક્ષ કોપી મોકલવી.

(૧) ભરેલા એડવાન્સટેક્ષ ચલણ(અગાઉ ન આપેલા હોય તો) (૨) ભરેલા વીમા પ્રીમીયમ તથા PPF અને મેડિકલેમ ની પાવતી (3) ડોનેશન આપેલા હોય તો દાન ની પાવતી (૪) ફોરેન મુસાફરી કરી હોય તો વિગત (૫) ફોરેનમાં કોઈ આવક હોય તો તેની પૂરી વિગત(૬) ફોરેન માં બેંક એકાઉન્ટ હોય તો તેની વિગત (૭) PAN તથા આધાર કાર્ડ ઝેરોક્ષ.

(૨૦) મૂડી ખાતે જે કોઈ રકમો જમા હોય તેની પૂરી વિગત પુરાવા સા.

(૨૧) સ્થાવર મિલકતની ખરીદી કરી હોય તો દસ્તાવેજ ની નકલ - ખરીદી જં ત્રીભાવે કરેલ છે?

D.P.THAKKER & CO.